# સુરતના ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં.

<u>ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૫૦/૨૦૨૬.</u>

આંક–......

અરજદાર/આરોપીઃ સુરેશકુમાર મોહનલાલ સોની
ઉં.આ. ૬૩ વર્ષ, ધંધોઃ વેપાર,
રહેવાસી–રૂમ નં.૧૦૭, બિલ્ડીંગ નં.૫, મહડા કોલોની,
છત્રપતીશિવાજી રાજ સંકુલ, એકતાનગરની સામે, ચારકોપ,
કાંડીવલી, મુંબઇ.
હાલ –મધ્યસ્થ જિલ્લા જેલ, લાજપોર, સુરત.

**– વિરુદ્ધ –**

સામાવાળાઃ શ્રી સરકાર.

***<u>બાબતઃ</u> બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.***

હાજર રહ્યા–
અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી વાય. એસ. કાપડીયા.
સામાવાળા તરફે વિ.એ.પી.પી. ટી. એ. પંચોલી

## – JUDGMENT –

૧. હાલના કામની અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપીને કતારગામ પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૨૧૨૫૧૨૬૬/૨૦૨૫ થી બી.એન.એસ. ની કલમ ૩૧૬(૫), મુજબના ગુનાના કામે તા.૨૧–૧૨–૨૦૨૫ ના રોજ અટક કરી વિ. કોર્ટમાં રજુ કરેલ અને તા.૨૫/૧૨/૨૦૨૫ સુધીના રીમાન્ડ મંજુર કર્યા બાદથી તેઓ જયુડી.કસ્ટડીમાં છે. જે કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

૨. આ કામે સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને સદર કામના તપાસ કરનાર અમલદારે આંક–૪ થી સોગંદનામું રજુ કરેલ છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજૂઆત કરતાં જણાવેલ છે કે, અરજદાર/ આરોપીએ કોઇ ગુનો કરેલ નથી અને તેમની ખોટી રીતે ફસાવવામાં આવેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદીએ તેમની ફરીયાદ વિલંબથી દાખલ કરેલ છે અને તેના કોઇ કારણો જણાવેલ નથી. ફરીયાદમાં અરજદાર/આરોપી સુરત મુકામે આવેલાનું કથન કરેલ છે પરંતુ અરજદાર/ આરોપી સુરતમાં કદી આવેલ નથી અને ફરીયાદીને કયારેય મળેલ નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, હાલનો કેસ ઇનટ્રસ્ટનો નથી પરંતુ કોર્મશીયલ ટ્રાન્ઝેકશનનો છે. જેથી બી.એન.એસ.ની કલમ-૩૧૬(૫) લાગુ પડતી નથી. અરજદાર/આરોપીએ તેમની રકમ મેળવવા સીવીલ દાવો કરવો જોઇતો હતો પરંતુ તેને ક્રિમીનલ સ્વરૂપ આપી હાલની ફરીયાદ કરેલ છે.

તેઓએ નામદાર સુપ્રિમ કોર્ટના દિલ્હી રેસ કલબ (૧૯૪૦) લી. અધર્સ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ, ક્રિમીનલ અપીલ નં.3114/2024, જયેશભાઇ બટુભાઇ મોરડીયા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, R/Criminal Misc. Application No.26356 of 2025 અને ઇશ્વરભાઇ શ્યામજીભાઇ ભારોડીયા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, R/Criminal Misc. Application No.3688 of 2025 માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા જણાવેલ છે. ફરીયાદીની ફરીયાદ જોતાં પણ જે વ્યવહાર થયેલ છે તે સંપુર્ણપણે વાણીજીયક વ્યવહાર હતો.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ જુલાઇ-૨૦૨૫ માં ફરીયાદીને પંજાબ નેશનલ બેંક ખાતા ધ્વારા રૂા.૧૦,૦૦,૦૦૦/- ચુકવી દીધેલ છે. જેના બેંક સ્ટેટમેન્ટની નકલ તેઓ જરૂર પડે રજુ કરશે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી પાસેથી કોઇ રીકવરી કરવાની બાકી નથી. અરજદારની પત્ની તબીબી રીતે અયોગ્ય છે અને ગંભીર બીમારીઓથી પીડાઇ રહેલ છે અને તેની સારસંભાળ રાખવા માટે કોઇ નથી. નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનુ પાલન કરવા તૈયાર છે તેમ જણાવી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ અરજદાર/આરોપીની જામીન અરજીનો વિરોધ કરતાં જણાવેલ છે કે, ગુનાની તપાસ ચાલુ છે. તેમજ તપાસ દરમ્યાન અરજદાર/આરોપી દુકાન બંધ કરી જતા રહેલાનું અને દુકાન બંધ કરી ગયેલ ત્યારે રૂા.૭૦ લાખના દાગીના પોતાની સાથે લઇ ગોવા ગયેલાનું અને ત્યાં વિશાલ ખંડેકરને મળેલ અને રૂમ રાખી ભાડેથી રહેતા હતા ત્યારે કિશોર મંડલ નામનો વ્યકિત પણ ત્યાં રહેતો હતો જે અરજદાર/આરોપીના ઘરેથી આશરે ૪૦ લાખના દાગીના લઇને જતો રહેલ હોવાની હકીકત જણાવેલ તેમજ અન્ય દાગીના રાજેન્દ્ર સોની અને દિપેશ સોની લઇ ગયેલાની હકીકત જણાય આવેલ છે. તેમજ અરજદાર/આરોપી સિવાય અન્ય કાવતરામાં સામેલ આરોપીઓને પકડવાના બાકી છે. તેમજ અરજદાર/ આરોપીએ સહ આરોપી સાથે હાલના ફરીયાદી સિવાય અન્ય વેપારીઓ સાથે પણ આ રીતની છેતરપીંડી કરેલ છે અને આરોપી વિરૂધ્ધ મુંબઇમાં ગુના નોંધાયેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, આરોપી વર્ષોથી દુબઇ અને ભારતમાં રહી સોનાના વેપાર સાથે સંકળાયેલ છે અને આ પ્રકારના એમ.ઓ.વાળા ગુના કરવાની ટેવ ધરાવે છે જેથી તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીથી તેઓ આવી પ્રવૃત્તિ ચાલુ રાખી અન્ય વેપારીઓ સાથે છેતરપીંડી કરી આર્થીક લાભ મેળવે તેમ છે. તેમજ આરોપીને જામીન મળ્યેથી તપાસમાં વિક્ષેપ કરે કરાવે તેવી તેમજ પુરાવા સાથે ચેડા કરવાની તથા સાહેદોને ધાક ધમકી આપે તેવી શકયતાઓ રહેલી છે તેમજ અગાઉની જામીન અરજી નામંજુર થયેલ છે તેમજ ચાર્જશીટ થયેલ હોવાથી સંજોગો બદલાયેલ નથી, જેથી હાલના કામના અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૫. અરજદાર/આરોપીની અરજી, બન્ને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની રજૂઆતો તથા રજુ દસ્તાવેજો તથા તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ આંક–૪ વાળું સોગંદનામું ધ્યાને લીધુ.

હાલના અરજદાર/આરોપીએ અત્રેની અદાલતમાં CRMA S/104/2026 થી રેગ્યુલર જામીન મેળવવા દાખલ કરેલી હતી જે અરજી તા.૧૫–૦૧–૨૦૨૬ રોજ

નામંજુર કરવામાં આવેલી હતી. ત્યારબાદ અરજદાર/આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં R/CRIMINAL MISC. APPLICATION (FOR REGULAR BAIL - BEFORE CHARGSHEET) NO.4112 OF 2026 થી રેગ્યુલર જામીન મેળવવા કરેલી હતી તે અરજી તા.૧૯–૦૨–૨૦૨૬ રોજ વિથડ્રો કરેલ છે. જેમાં નામદાર હાઈકોર્ટ દ્વારા નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

*Learned advocate Mr. Prem Kumar Pandey for Mr. Archan Hirpara, for the applicant seeks permission to withdraw the present Application with a liberty to approach the learned Trial Court after charge-sheet is filed.*

*Permission, as prayed for, is granted. The present Application is disposed of accordingly as withdrawn with the liberty as sought for being granted.*

નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલ ઉપરોકત હુકમને માનસહ વંચાણે લેતાં, જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અરજદાર/આરોપીને વિ.ટ્રાયલ કોર્ટમાં એપ્રોચ કરવા માટે લીબીંટી આપેલ છે. હાલના અરજદાર/આરોપીએ વિ.ટ્રાયલ કોર્ટમાં એપ્રોચ કરેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. જેથી હાલના તબકકે અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની રજુઆત ગ્રાહય રાખવા યોગ્ય જણાય આવતી ન હોય ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમનો કરવામાં આવેલ છે.

**– હુકમ –**

આથી, આ ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૫૦/૨૦૨૬ **નામંજૂર** કરવામાં આવે છે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

હુકમ આજરોજ તારીખઃ **૧૦**મી, માહે–**માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UID No.GJ00672)